## હૃદયને ગાતા ગીતો

### ટાઈ લગા કે માના





પાપડ હજાર બેલો, કોઈ ભી ચાલ ખેલો (2)
થોડી કહીં સે પર અકલ ઉધાર લે લો (2)
ચશ્મા ચઢાકે માના બન ગયે જનાબ હીરો
રહે પઢાઈ યા લિખાઈ મેં તો હીરો હીરો

લલલલાલાલા.. લલલાલાલા... હો-હો-હો
માના જી શેર ભી હો, શેરોં કે શેર ભી હો(2)
બુરા ના માનો મેં તો કહ દું કે બટેર ભી હો(2)
સોલા લગાકે(2) માના બન ગયે જનાબ હીરો
રહે પઢાઈ યા લિખાઈ મેં તો ઝીરો ઝીરો

કરતે હો પેટ પૂજા આયે ના કામ દુજા (2)
ઈસી લિયે તો ભેજા રહતા હે જી સૂજા સૂજા (2)
રસગુલ્લા ખાકે (2) માના બન ગયે જનાબ હીરો
રહે પઢાઈ યા લિખાઈ મેં તો ઝીરો ઝીરો
ટાઈ લગાકે માના બન ગયે જનાબ હીરો
રહે પઢાઈ યા લિખાઈ મેં તો ઝીરો ઝીરો

**ગીત :** રાજેન્દ્ર કૃષ્ણ, **સ્વર :** લતા મંગેશકર, **સંગીત :** ચિત્રગુપ્ત, **ફિલ્મ :** ભાભી, **દિગ્દર્શક :** ક્રિષ્નન - પંજુ, **વર્ષ :** 1957, **કળાકારો :** બલરાજ સાહની, નંદા, જગદીપ, પંઢરીબાઈ, ઓમપ્રકાશ, ડેઈઝી ઈરાની, દુર્ગા ખોટે, આગા, મનોરમા, શ્યામા



હવે ભાઈ-બહેનના નિર્મળ સંબંધ પર ફિલ્મો નથી બનતી. ફિલ્મોમાં મા-પિતા-ભાઈ-ભાભી- ફોઈ- દાદા-દાદી - સાળા-બનેવી વગેરેને હદપાર કરી દેવાય છે. મધુર દામ્પત્યની કથા પણ આવતી નથી. પતિ હોય ને લફડાબાજ હોય તો ફિલ્મવાળાને ચાલી, પત્ની પણ બહારના સંબંધમાં ફસાયેલી હોય તો રિયલ ડ્રામા થઈ શકે. ખેર! ભાઈ-બહેનના સંબંધમાં પણ ઘણું હોય છે. બહેન હોય તો ભાઈ ક્યાં ખોટી હોંશિયારી મારે છે તે લાડથી પકડીને કાન પકડાવે. ભાઈને ખોટું ય ન લાગે અને સમજી જાય કે આપણી ખોટી હોંશિયારી નહીં ચાલશે.

આ ફિલ્મ 1957ની છે. દેશ આઝાદ થયા પછીના દશમા વર્ષની. તે જમાને તો અંગ્રેજોની જેમ ટાઈ પહેરો તો વટ પડી જતો. ટાઈ પહેરવી એટલે ભદ્ર વર્ગનું હોવું, ભણેલા-ગણેલા અને 'સાહેબ'ના વર્ગનું હોવું. એ જમાને તો લોકો ધોતિયા પર કોટ પહેરવા માંડેલા અને જે પોતાને હોંશિયાર સમજે તો પેન્ટ-શર્ટ પર ટાઈ ચડાવતા અને વારે વારે તેની ગાંઠ ઠીક કરતાં કે જેથી લોકોની નજરે ચડી શકાય કે જુઓ મેં ટાઈ લગાવી છે. અહીં ભાઈના બહાને એક બહેન એવા આખા વર્ગને જાણે કહી રહી છે કે ભણવામાં તો ઝીરો છે ને ટાઈ પહેરીને જનાબ, શું ફરો છો? 'ટાઈ લગાકે (બે વાર) માના બન ગયે જનાબ હીરો/રહે પઢાઈ યા લિખાઈ મેં તો ઝીરો ઝીરો...' ટાઈ લગાવીને તો સમજો કે જનાબ હીરો બની ગયા પણ વાંચવા-લખવામાં તો (જનાબ) ઝીરો ઝીરો રહે છે. (એનું શું?) જેમાં ધ્યાન આપવાનું છે તેમાં કોઈ ધ્યાન નથી ને ટાઈ ઠઠાડી હીરો થઈને ફરે છે આ ભાઈ અમારા!


આજે ભાઈની હીરોગીરી ઊતરી જવાની છે કારણ કે બહેનબા આજે બધું કહી દેવાની મસ્તીમાં છે. 'લલલલાલા... હોહોહો... વડે આપણને સમજાય છે કે તે વઢી રહી છે જરૂર પણ તેમાં મસ્તી છે. બહેન કહે છે, 'માના જી શેર ભી હો, શેરો કે શેર ભી હો, બુરા ના માને મેં તો કહ દું કે બટેર ભી હો... સોલા લગા કે માના બન ગયે જનાબ હીરો... રહે પઢાઈ ઔર લિખાઈ મેં તો ઝીરો ઝીરો...' હા, ભાઈ હાં તું સિંહ છે, અરે સિંહ જ શું, સિંહોનો ય સિંહ છે, પણ જો ખોટું ન લાગે તો (સાચું) કહું સિંહ જ નહીં તું બટેર પણ છે. (બટેર એક જમીન પર રહેતું જંગલી પંખી છે, જે વધારે ઊડી શકતું નથી). હા, માન્યું કે માથે ટોપી લગાવી તું હીરો બની ગયો પણ ભણવા - ગણવાનું શું? તેમાં તો તું ઝીરો છે ને અમથો હોંશિયારી મારતો ફરે છે, લલ્લુ! ભાઈની હોંશિયારી આજે ઊતરી જવાની છે કારણ કે બહેને તેને બરાબર પકડ્યો છે, 'કરતે હો પેટ પૂજા આયે ના કામ દુજા, ઈસી લિયે તો ભેજા રહેતા હે સૂજા સૂજા... રસગુલ્લા ખા કે માના બન ગયે જનાબ હીરો.. રહે. પઢાઈ ઔર લિખાઈ મેં તો ઝીરો ઝીરો' બેઠો બેઠો ઘરમાં કામ શું કરે છે એક ખાધા કર્યા વિના? આમ ખા ખા કરવામાં જ ભેજું સોજી ગયું છે. રૂઆબ ચડી ગયો છે. મહેનત વિના ખાય તેને શું ખબર કે મહેનત કરીને ખાવું શું? (જરા કામ કરો, ભાઈ!) એમ બીજા મોજથી રસગુલ્લા ખાય તેમ તું ય તે ખાઈને હીરો બની તો ગયો પણ જરા મહેનત કરતો થા. આમ હીરો ન બનાય. જે કરવાનું છે તે કર. પછી હીરો બનવાની કોશિશ કર. અમથો વટ શાનો મારે છે? રાજેન્દ્ર કૃષ્ણ સામાન્ય લોકોના મનોભાવ પકડી અત્યંત સહજ રીતે વ્યક્ત કરી શકતા એટલે સી.રામચન્દ્રના તે ફેવરિટ હતા. જો કે તેઓ જ્યારે પ્રેમના ઊંડા ભાવમાં ઊતરે ત્યારે મદનમોહન જેવા સાથે એક જૂદી કમાલ સર્જી દેતા. આ ગીતમાં લતાજીને સાંભળજો. પ્રેમાળ બહેન હોય તો સ્વર કેવી રીતે બદલાય તે સમજાશે. તેમાં પ્રેમ અને મસ્તી, ટિખળના ભાવ બહુ સાદગીથી વ્યક્ત કર્યા છે. લતાજીનો દરેક ગીતોમાં જે ભાવપ્રવેશ થતો તે કમાલનો હતો. ચિત્રગુપ્તે સરસ રમતિયાળ ધૂન બનાવી છે કે જે કુટુંબગીતમાં ખાસ બની જાય. 'ભાભી'ના 'ચલ ઊડ જા રે પંછી', 'કારે કારે બદરા જા રે...', 'ચલી ચલી રે પતંગ મેરી ચલી રે...' ગીતો વચ્ચે આ ગીત પણ ખાસ છે.

# તવાયફ, તહેઝીબ, ગાના-બજાના અને 'પાકિઝા', 'ઉમરાવજાન', 'હીરામંડી'



મુગલોના સમયમાં લાહૌરની 'હીરામંડી' એક શાહી મહોલ્લો હતો. (મુગલ શાહો હતા એટલે તેમના સમયમાં મહોલ્લો પણ 'શાહી') આ મહોલ્લામાં તવાયફોનું રાજ હતું. શહેઝાદાઓ ત્યાં મોજ માણવા આવતા. 15-16મી સદીથી અહીં અફઘાન અને ઉઝબેકિસ્તાનની સ્ત્રીઓ રાખવામાં આવતી થઈ અને ત્યાં જિસ્મફરોશીનો ધંધો થતો. અહીંની તવાયફો શાસ્ત્રીય સંગીત અને નૃત્યમાં કુશળ હતી. અહમદ શાહ અબ્દાલીના આક્રમણ પછી આ હીરામંડી વેશ્યાવૃત્તિ માટે જાણીતી થઈ.

સંજય લીલા ભણસાલી 'હીરામંડી'માં ઘણી કલ્પના ભેળવીને ટી.વી. સ્ક્રિન પર એક પ્રભાવક કથા રચી છે. દરેક તવાયફની કથાને તેઓ રસપ્રદ બનાવે છે. હિન્દી ફિલ્મોમાં તવાયફ ખૂબ લોકપ્રિય રહી છે અને તેની પર ઘણી ફિલ્મો બની છે. તવાયફો વિશે લખાયું પણ ઘણું છે પણ ફિલ્મોમાં આ તવાયફોની પ્રેમકહાણી જ વધારે રજૂ થઈ છે ચાહે 'પાકિઝા' હોય, 'ઉમરાવજાન' હોય કે 'મુકદ્દર કા સિકંદર'. શ્યામ બેનેગલની 'મંડી' જૂદી ફિલ્મ હતી અને વિદ્યા બાલન અભિનીત 'બેગમજાન' પણ જૂદી હતી. મહેશ ભટ્ટે સંજય દત્ત-પૂજા ભટ્ટને લઈને બનાવી 'સડક' પણ જૂદી હતી. પરંતુ હિન્દી ફિલ્મોએ તવાયફને વારંવાર પરદા પર રજૂ કરી છે. 'દેવદાસ' ફિલ્મમાં દેવદાસ પણ ચન્દ્રમુખી પાસે જાય છે.



ભારતીય ફિલ્મોમાં વ્હી શાંતારામે ઠેઠ 1939માં પહેલી વાર તવાયફનો વિષય લઈ 'આદમી' ફિલ્મ બનાવેલી, જેમાં એક પોલીસ વેશ્યાને પરણે છે. જેથી તેનું જીવન સુધરી શકે. ત્યાર પછી તવાયફ, વેશ્યાને ફિલ્મોમાં સ્થાન મળતું થયું પણ ગુરુદત્તે 'પ્યાસા' બનાવી અને લોકોના મનમાં તવાયફ પ્રત્યે લાગણી જાગે એવું ગૌરવ અપાવ્યું. સાહિરે એ ફિલ્મમાં 'યે મહેલો યે તખ્તોં તાજો કી દુનિયા..' ગીતમાં દંભી દુનિયા વચ્ચે બજારમાં વેચાતી સ્ત્રીની પીડા શું છે તે વર્ણવ્યું. તેમણે તો 'ઔરતને જનમ દિયા મર્દો કો, મર્દોને ઉસે બાજાર દિયા...'માં પણ એ સંવેદના પ્રગટ કરેલી. બી.આર. ચોપરાએ 'સાધના' ફિલ્મમાં પણ વેશ્યાનો આધાર લઈ એક વિચારપૂર્ણ ફિલ્મ બનાવેલી.

**સિને ટાઇમ**

'બાઈ' અને 'જાન' તરીકે સંબોધાતી તવાયફોમાં એક નાચનારી હોય તો બીજી ગાનારી હોય. ફિલ્મવાળાઓનાં આ પાત્રો વધારે જ માફક આવવાનાં. શહેરના કલબ કલ્ચરની ડાન્સર જૂદી હોય અને હેલનને અનેક વાર આપણે કલબ ડાન્સ કરતી જોઈ છે. ત્યાં ટેબલ-ખુરશી હોય ને દારુ હોય પણ કોઠાનો માહૌલ જુદો હોય. 'પાકિઝા'માં કોઠો છે જ્યારે 'અમર પ્રેમ'માં એ લખનૌના કોઠાથી જૂદો પરિવેશ છે. 'અમરપ્રેમ'માં પુષ્પાની કોઠા સુધી પહોંચવાના સંજોગ બતાવાયા છે પણ કથા તો તેનું ગાયન સાંભળવા આવતા આનંદબાબુની છે જેને એના ખરાબે ચડેલા જીવનમાં પુષ્પા પાસેથી જીવવાનું આશ્વાસન અને શરત વિનાનો પ્રેમ મળે છે. અશોકકુમાર-સુચિત્રા સેન અભિનીત 'મમતા' પણ આવી હતી. ધનવાન કુટુંબનો અશોકકુમાર દેવયાનીના પ્રેમમાં પડે છે. સંજોગો બદલાતાં તેમના લગ્ન નથી થતાં અને જ્યારે ફરી પરિચય થાય છે ત્યારે પેલી દેવયાની એક દેવદાસી-નર્તકી બની ચૂકી છે. પરંતુ એ મિલન બે ભૂતપૂર્વ પ્રેમીઓનું એવું મિલન બની જાય છે કે અશોકકુમાર પોતાની બેરિસ્ટર તરીકેની પ્રતિષ્ઠા છતાં દેવયાની સાથે ગાઢ સંબંધ સ્થાપે છે તે પન્નાબાઈ નહીં દેવયાની જ છે. આ ફિલ્મમાં 'છૂપા લો યું દિલ મેં પ્યાર મેરા' અને 'રહે ના રહે હમ' જેવાં ગીતો હતાં. કોઠા પર ગાનારીની પણ કથા હોય છે.

'સાધના'માં પણ કોઠા પરથી ભાડે લવાયેલી સ્ત્રીના પ્રેમમાં હીરો પડી જાય છે, પછી ખબર પડે છે કે તે કોઠા પરથી લવાયેલી છે. આ ફિલ્મના અંતમાં મા-દીકરા બંને પેલી તવાયફને વહુ-પત્ની તરીકે સ્વીકારે છે.

પણ બી.આર.ઈશારાએ 'ચેતના' બનાવી ઊહાપોહ મચાવેલો. તેમાં પણ વેશ્યાના પુનર્વસનની વાત છે. રેહાના સુલતાને તેમાં બહુ જ સરસ ભૂમિકા કરેલી. એવી અન્ય ફિલ્મ 'દોરાહા' પણ છે પરંતુ 'દસ્તક' ફિલ્મમાં એક ગાનારીના ઘરમાં રહેનારા યુવા પતિ-પત્ની પર એ ભૂતકાળમાં ક્યારેક રહેતી ગાનારીની કથા ઝળુંબે છે અને મજરુહે 'હમ હૈ મતા-એ-કુચા બાજારકી તરાહ, ફીરતી હે હર નિગાહ ખરીદાર કી તરાહ...' ગીત વડે બજાર બનેલી સ્ત્રીની પીડા રજૂ કરેલી. આવી અનેક ફિલ્મો છે અને સંજય લીલા ભણસાલીએ 'ગંગુબાઈ કાઠિયાવાડી' બનાવી તે તેમાંની એક મહત્ત્વની ફિલ્મ ગણી શકાય. આલિયા ભટ્ટે જબરદસ્ત રીતે આ ફિલ્મનું પાત્ર ભજવેલું. એવા અત્યારના સમયનાં પાત્રો યાદ કરવાં હોય તો કરીના કપૂર અભિનીત 'ચમેલી' પણ છે.



'ચાંદની બાર'માં તબુએ મુમતાઝ સાવન તરીકે ભજવેલી ભૂમિકા પણ યાદ કરી શકો, પણ ગુલઝારે શર્મિલા ટાગોર - સંજીવકુમારને લઈ બનાવેલી 'મૌસમ' સાવ જૂદી છે. એક સમયે જેને પ્રેમ કરેલો અને તે સ્ત્રીથી થયેલી દીકરી વેશ્યા બની ગઈ છે. પિતા તેને પાછી વાળવા જાય છે.

આ એક સાહસી વિષય હતો. લોકોને વેશ્યા, તવાયફ, કોલગર્લવાળી ફિલ્મમાં જાતીય ઉત્તેજનાની અપેક્ષા વધારો હોય છે પણ આપણી લગભગ દરેક મહત્ત્વની અભિનેત્રી ફિલ્મોમાં ક્યારેક તવાયફ બની છે. હેમા માલિની-ધર્મેન્દ્રની 'શરાફત' યાદ કરો તો તેમાં હેમા માલિની તવાયફ જ છે. અમિતાભ બચ્ચન અને જયા ભાદુડીની ફિલ્મ 'એક નજર' પણ છે. જેમાં અમિતાભ એક કોઠાવાળી શબનમ (જયા ભાદુડી)ના પ્રેમમાં પડે છે. તો બીજી ય છે. શમ્મી કપૂરે 'મનોરંજન'માં એવી તવાયફ રજૂ કરેલી જેને પોતાના ધંધા પર ગર્વ છે તો 'ચમેલી' ફિલ્મમાં વરસાદની એક રાતે એક સભ્ય પુરુષ એક યુવાન તવાયફ સાથે સમય ગુજારવા બાધ્ય બને છે. આ વિષયનો અંત નથી કારણ કે સ્ત્રીઓનું બજાર ભરાતું જ રહેશે. કોઈ પણ સમાજ ગમે તેટલો સંસ્કારી થશે તો પણ આ સ્થિતિ બદલાવાની નથી. તવાયફો તો એક પરંપરા રચી ગઈ. એ કોઠા બહુ ખાસ હતા, ત્યાં તહેઝીબ હતી. ત્યાં અમુક પ્રકારનાં જ વસ્ત્રો હતાં. સંગીત અને નૃત્ય હતું. અત્યારે નર્યો વ્યવસાય છે અને તેમાંથી 'પાકિઝા', 'ઉમરાવજાન' કે 'હીરામંડી' બની ન શકે. ●

# પ્રેમના એકથી વધુ સંબંધોની એક કાવ્યાત્મક ફિલ્મ છે 'કભી કભી'

'કભી કભી' જેવી ફિલ્મ યશ ચોપરા જ બનાવી શકે. જેમ 'સંગમ', 'મેરા નામ જોકર' રાજ કપૂર જ બનાવી શકે યા 'આન', 'અંદાજ' મહેબૂબ ખાન જ બનાવી શકે, 'ગાઈડ' અને 'જોની મેરા નામ' વિજય આનંદ જ બનાવી શકે તેમ 'કભી કભી' યશ ચોપરાની જ ફિલ્મ હોઈ શકે.

'કભી કભી'માં અમિતાભ-રાખી વચ્ચેની એક સ્ટોરી છે, શશી કપૂર- રાખી વચ્ચેની એક સ્ટોરી છે, અમિતાભ-વહીદા રહેમાન વચ્ચે એક સ્ટોરી છે, પરીક્ષિત સાહની અને સીમી વચ્ચેની એક સ્ટોરી છે, રિશી કપૂર-નીતુસીંઘ વચ્ચેની એક સ્ટોરી છે અને આ ઉપરાંત અમિતાભ-રાખી-શશી કપૂર વચ્ચેનો અને અમિતાભ-રાખી-વહીદા રહેમાન વચ્ચેનો અને રિશી કપૂર-નીતુ સીંઘ-નસીમ વચ્ચેનો પણ એક પ્રણય ત્રિકોણ છે. આટલા બધા પ્રેમ સંબંધોને એકબીજા સાથે આભિજાત્યપૂર્ણ રીતે સાંકળવા માટે સાગર સરહદી જેવા પટકથાકાર અને યશ ચોપરા જેવા દિગ્દર્શક જ જોઈએ. એ બંનેએ આખી ફિલ્મને એવી રીતે સંભાળી છે કે તમે સતત અનુભવો કે પ્રેમના અનેક ખૂણાઓ છે અને ઉદારતાપૂર્વક પ્રેમનો સ્વીકાર કરો તો આપણે જેને ચાહ્યા તે સંજોગવશાત બીજાના થાય તો પણ પ્રેમસંબંધનો અંત નથી. પણ એક ખાસ પ્રકારની ઊંડી ચાહત હોય તો સંબંધને જોવાની ઉદારતા આપે. આખી ફિલ્મના કેન્દ્રમાં અમિતાભ કેન્દ્રમાં રહે છે કારણ કે બીજાં જે પાત્રો છે તે અમિતાભના પ્રેમસંબંધ યા પ્રેમપાત્રમાંથી વિસ્તરેલાં છે. અમિતાભે કોલેજકાળમાં રાખીને ચાહી છે અને એ રાખીએ શશી કપૂર સાથે પરણવું પડે છે એટલે એ સંબંધ પણ અમિતાભના પ્રેમપાત્રનો વિસ્તાર થયો કહેવાય. અમિતાભે વહીદા રહેમાનને પરણવું પડે છે તેના કારણમાં રાખી હવે બીજાને પરણતાં કૌટુંબિક જવાબદારીના ભાવથી તે વહીદાને પરણ્યો છે અને એ વહીદાની પણ એક ખોવાયેલી પ્રેમકહાણી છે જેના પરિણામે નીતુ સીંઘ જન્મી છે. એ નીતુ સીંઘ અને રિશી કપૂર વચ્ચે પ્રેમ થાય છે ને રિશી કપૂર તો શશી કપૂર-રાખીનો દીકરો છે ને રાખી જેની સાથે નથી પરણી અને તેથી અમિતાભ જેની સાથે પરણ્યો છે તે વહીદાની નીતુ સીંઘ દીકરી છે. સાગર સરહદી અને યશજીએ આ સંબંધોને જે ગ્રેસફુલી જોડ્યા છે તેની પર આફ્રીન પોકારી જવાય.

'કભી કભી'ની વાર્તા યશ ચોપરાનાં પત્ની પામેલા ચોપરાની હતી. સાગર સરહદી તો નાટયકાર, દિગ્દર્શક (બાજાર, અગલા મૌસમ, ચૌસર) હતા. યશજીએ તેમની પાસે 'કભી કભી' લખાવી અને ત્યાર પછીની તેમની બીજી ઘણી ફિલ્મો સાગર સરહદીએ લખી. યશજી હંમેશા એવા સાહિત્યકારની શોધમાં રહેતા જે ફિલ્મની કથા-પટકથાને આગવા રૂપ આપી શકે. એવી જ શોધ તેમની સંગીતકારની ય રહી અને 'કભી કભી'થી ખૈયામનો પુનરોદય થયો. 'કભી કભી' પહેલાં તો તેઓ આર.ડી. બર્મન,



**મુવીટાઇમ**

લક્ષમીકાંત પ્યારેલાલ, કલ્યાણજી આનંદજી, ભપ્પી લહરી વગેરે વચ્ચે કયાંય સંભળાતા નહોતા. ખૈયામ 'કભી કભી' પ્રકારની સંબંધ-કથા માટે અનિવાર્ય સંગીતકાર હતા. ફિલ્મના આરંભે જ તેઓ અને સાહિરનો સંગમ 'મેં પલ દો પલકા શાયર હું'થી અનુભવાય છે. તેમણે જૂદા જૂદા સંબંધના સંજોગોને સંગીતથી નિભાવ્યા છે. 'કભી કભી મેરે દિલ મેં...' ગીત એક સમયે પહાડી વૃક્ષોની છાયામાં અમિતાભ-રાખીનું છે ને પછી એ જ ગીત રાખી-શશી કપૂરની સુહાગ રાતે એક નવો અર્થ ધારણ કરે છે. તે પહેલાં એક ગીત છે, 'સુખે જોડે કી યે ઝગમગાહટ... આ પ્રકારની અનુભૂતિનું ગીત યશજી જ ઉમેરી શકે. સાહિર જ લખી શકે.

'કભી કભી' મલ્ટી ડાયમેન્શનલ મ્યુઝિકલ લવ સ્ટોરી હતી. વેરી મેચ્યોરડ લવ સ્ટોરી.

ફિલ્મમાં શશી કપૂરને ખબર પડે છે કે તેની પત્ની (રાખી) અને અમિત (અમિતાભ) વચ્ચે લગ્ન પૂર્વે પ્રેમ હતો તો તે અમિતાભને કહે છે કે તે હતી એવી કે કોઈ તેને પ્રેમ કર્યા વિના રહી ન શકે. પણ અમિતાભ પણ કહે છે, 'દાગ દામન પે નહીં, દિલ પે લિયા હૈ'. ફિલ્મમાં રાખીનું નામ પૂજા છે, શશી કપૂર વિજય ખન્ના છે. યશજીને પંજાબી પાત્રો જ ગમતાં એટલે ફિલ્મમાં મલ્હોત્રા, કપૂર અટકવાળાં પાત્રો છે. રાખી, વહીદાજી સિવાયના અભિનેતા-અભિનેત્રી પણ પંજાબી જ તો છે. ફિલ્મમાં અમિતાભે જે પ્રેમ ગુમાવ્યો છે તેની ઉદાસી સતત અનુભવાય છે. તેના ગુસ્સામાં, સંબંધોને જોવાની રીતમાં આવેલી ઠાવકાઈમાં રાખીને ન પામી શકાયાની વેદના અને સમાજ પ્રત્યેનો ગુસ્સો છે. પણ એ એક કવિનો ગુસ્સો છે જે સંબંધના ઊંડાણ પામી શકે છે. 'કભી કભી મેરે દિલ મેં ખયાલ આતા હૈ કી ઝિંદગી તેરી ઝુલ્ફોં કી નર્મ છાંવ મેં ગુજરને પાતી તો શાદાબ હો ભી સકતી થી, યે રંજ ઓ ગમ કી સિયાહી જો દિલ પે છાયી હૈ, તેરી નજર કી શુઆઓ મેં ખો ભી શકતી થી, મગર યે હો ના સકા ઔર અબ યે આલમ હૈ કી તુ નહીં, તેરા ગમ તેરી જૂસ્તજૂ ભી નહીં, ગુજર રહી હૈ કુછ ઈસ તરાહ ઝિંદગી જૈસે, ઈસે કિસી



કે સહારે કી આરઝુ ભી નહીં, ના કોઈ રાહ, ના મંઝિલ, ના રોશની કા સુરાગ, ભટક રહી હૈ અંધેરો મેં ઝિંદગી મેરી, ઈન્હીં અંધેરો મેં રહ જાઉંગા કભી ખો કર મેં જાનતા હું મેરી હમ-નફરી, મગર યું હી કભી કભી મેરે દિલ મેં ખયાલ આતા હે...' આ 'યું હી કભી કભી મેરે દિલ મેં ખયાલ આતા હે...'માંથી ફિલ્મ બની છે. આ ફિલ્મમાં આવા એકથી વધુ ડાયલોગ્સ છે જે આપણને પ્રેમ અને સંબંધ વિશે નવી રીતે વિચારતા કરી દે. શશી કપૂર જેવા પતિ જો મળે તો પ્રેમમાં ઘવાયા પછી અન્યને પરણેલી પ્રિયતમાને પોતાના વિત્યા પ્રેમના સ્મરણમાં સુખ પણ મળે. ફિલ્મમાં રિશી-નીતુ સીંઘનો સંબંધ વધારાનો લાગી શકે એવો હતો કારણ કે કથાનક તો અમિતાભ-રાખી- શશી કપૂરમાં રોકાઈ જાય તેમ હતું પણ નીતુની એક અલગ જન્મ કથા અને વેદના ઉમેરવા સાથે જ એક પ્રણયત્રિકોણની પણ જગ્યા ઊભી કરીને 'કભી કભી'ને નવું પરિમાણ અપાયું છે.

'કભી કભી' 1976ની ફિલ્મ છે. અમિતાભ 'ઝંઝીર', 'દિવાર' પછી એંગ્રી યંગ મેન તરીકે છવાયા હતા. આ વર્ષે જ તેમની 'દો અંજાને', 'હેરાફેરી' પણ રજૂ થયેલી. 1976માં જ 'છોટી સી બાત' અને 'ચિત્તચોર' રજૂ થયેલી અને દિલીપકુમાર જાણે છેલ્લી વાર પોતાને પુરવાર કરતા હોય તેવી 'બૈરાગ' આવેલી. રાજેશ ખન્નાની 'મહેબૂબા' અને શત્રુઘ્ન સિંહાની 'કાલિચરણ' આવેલી. 'કભી કભી' આ બધામાં જૂદી હતી અને ખૂબ સફળ રહેલી. આ એક કલ્ટ ફિલ્મ છે. ફિલ્મને યશજીએ કાશ્મીરમાં ફિલ્માવેલી. તેમને આ ફિલ્મનો વિચાર સાહિરની કવિતા વાંચતાં વાંચતાં આવેલો અને ફિલ્મમાં સાહિરની પ્રેમ વિશેની સમજ, વ્યાખ્યા અને ઊંડાણ છવાયેલાં છે. ●